પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર

ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક : જ/૬૫૬/નવરાત્રિ /૧૯૧૦/૨૦૨૪ તા:૨૭/૦૯/૨૦૨૪

<u>વિષય</u>: "નવરાત્રિ" આયોજન માટે પરવાનગી બાબત.

<u>યાદી</u>

નવરાત્રિ મહોત્સવ દરમ્યાન શેરીઓ અને સોસાયટીઓ/ક્લબ/પાર્ટી પ્લોટમાં રાસ-ગરબાના કાર્યક્રમો ઉજવવા માટેની પરવાનગી માંગવામાં આવે છે. આગામી **તા:૦૩/૧૦/૨૦૨૪ થી તા:૧૧/૧૦/૨૦૨૪** સુધી નવરાત્રી મહોત્સવ પુરતાં માત્ર ટિકીટ/પાસ વગરના તેમજ પાર્ટી પ્લોટ/કલબો/નાટ્ય ગૃહો સિવાયના કાર્યક્રમો માટે લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવા અમદાવાદ શહેર પોલીસ કમિશ્શનરેટ વિસ્તાર હેઠળના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનાઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

(૧) ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ - (૧) લોકોની સલામતિ/સુરક્ષા માટે (૨) મહિલા સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે તથા (૪) કોઈ પ્રકારના કેફી દ્રવ્યો/ કેફી પ્રવાહી/કેફી પ્રદાર્થના સેવન કરેલ વ્યક્તિ ગરબાના આયોજનના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી એક – એક જવાબદાર વ્યક્તિ ફરજીયાત નિમવાના રહેશે તથા આ નિમેલ વ્યક્તિઓના નામ/સરનામાં તથા મોબાઈલ નંબર સહીતની વિગત આપના પોલીસ સ્ટેશન ખાતે રાખવાની રહેશે. અત્રેની કચેરી ખાતે મંજુરી માટે મંગાવેલ અભિપ્રાયમાં તેનો ઉલ્લેખ કરી તેઓની વિગત મોકલવાની રહેશે.

(૨) ટિકીટ અથવા પાસ ધરાવતા પાર્ટી પ્લોટ અને કલબ માટેના રાસ-ગરબાના કાર્યક્રમો માટે લાઉડ સ્પીકરની પરવાનગી પોલીસ સ્ટેશન તરફથી આપી શકાશે નહી અને આવી પરવાનગી સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક (લાયસન્સ બ્રાન્ચ)ની કચેરીએથી જ આપવામાં આવશે. ટિકીટવાળા પાર્ટી પ્લોટ કે કલબો માટેના કાર્યક્રમો સબબની અરજી પોલીસ સ્ટેશનમાં મળ્યેથી તુર્ત જ તે અરજી પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીએ તેમના અભિપ્રાય સહિત વહેલામાં વહેલી તકે સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી,(ટ્રાફીક), પોલીસ કમિશનરની કચેરીએ મોકલી આપવાની રહેશે. આવી અરજીઓ અત્રેની કચેરીને મળતાં તો તે અંગે અત્રેથી સ્થાનિક પોલીસનો જે અભિપ્રાય માંગવામાં આવે તે પણ વળતી ટપાલે મળી જાય તેવી વ્યવસ્થા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટરશ્રીઓએ ગોઠવવાની રહેશે. અભિપ્રાય આપતા સમયે જે તે સ્થાનિક મદદનીશ પોલીસ કમિશનશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રીનાઓને અરજી તથા અભિપ્રાય બાબતથી વાકેફ કરી તેમનો પરામર્શ કરી અભિપ્રાય મોકલવો.

(૩) પોલીસ સ્ટેશન કે સંયુક્ત પો.કમિ.શ્રી (ટ્રાફીક)ના સ્તરેથી લાઉડસ્પીકર પરવાનગીની દરેક અરજી સાથે સાઉન્ડ સિસ્ટમ ભાડે આપનાર કે ભાડે આપવા નક્કી થયેલ સાઉન્ડ સિસ્ટમનું સંપૂર્ણ વર્ણન તેમજ તેની સાથે મુકવામાં આવનાર વ્યક્તિનું નામ, સરનામું અને ફોટો ઓળખ કાર્ડ તેમજ નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ ૫(૨) જોગવાઈઓ પાલન કરવાની બાંહેધરી રજુ કરવાની રહેશે. સદર સાઉન્ડ સિસ્ટમને જે તે જગ્યાએ લાવવા લઈ જતા (વહન દરમ્યાન) તથા તેના ઉપયોગ દરમ્યાન સિસ્ટમ પડવા વીગેરેથી કોઇ ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી આયોજકો તથા સિસ્ટમના માલિકની રહેશે. સિસ્ટમના વહન દરમ્યાન બનેલ ઘટનાના કિસ્સામાં જે તે વાહન ચાલકની પણ સંયુક્ત જવાબદારી રહેશે.

(૪) પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને **તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૧/૧૦/૨૦૨૪** ના દિવસો પુરતી માઈક તથા લાઉડસ્પીકરને ઉપયોગ કરવા નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ ૫(૨) જોગવાઈઓને આધીન રહી, પરવાનગી **રાત્રિના ૧૨.૦૦ વાગ્યા સુધીની જ આપવી.**

(૫) રાત્રિના કલાક ૧૨.૦૦ વાગ્યા પછી કોઈપણ સ્થળે રાસ-ગરબા કે કાર્યક્રમમાં માઈક તથા લાઉડસ્પીકર ચાલુ રાખી શકશે નહિ. આ સમય બાદ કાર્યક્રમમાં માઈક તથા લાઉડસ્પીકર ચાલુ જણાઈ આવે તો કાર્યક્રમના આયોજક તથા સાઉન્ડ સિસ્ટમધારક વિરુધ્ધ પોલીસ કમિશનશ્રીના તા:૨૭/૦૯/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક જ/૬૫૬/નવરાત્રિ /૧૯૦૯/૨૦૨૪ માં નિર્દિષ્ટ આદેશો મુજબ સંબધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ કાર્યવાહી કરવી.

(૬) આપના પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાઉડસ્પીકરની પરવાનગી આપવામાં આવે ત્યારે આ પરવાનગી પત્રની સાથે સુચનાઓનો પત્ર અરજદારને સાથે આપવાનો રહેશે તથા તે અંગે સમજ કરવાની રહેશે.

(૭) સાઉન્ડ સિસ્ટમ રાત્રિના ૧૨.૦૦ વાગે અચુક બંધ કરવાની રહેશે. રાત્રિના ૧૨.૦૦ વાગ્યા પછી માઈક તથા લાઉડસ્પીકર સિવાયના અન્ય વાજીંત્રોથી પણ વધુ નોઈસ પોલ્યુશન ન થાય તેની તકેદારી રાખવી અને જો તેમ થતું જણાઈ આવે તો આયોજક તથા વાજીંત્ર ધારક વિરુધ્ધમાં કાયેસદરની કાર્યવાહી કરવી.

(૮) ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ એકત્રિત થનાર જન સમુહની સાપેક્ષમાં એન્ટ્રી અને એક્ઝિટ અંગે અલગ અલગ વ્યવસ્થા/ગેટ રહે તે જોવું.

(૯) આયોજન સ્થળની બન્ને સાઈડ ૨૦૦ મીટર સુધી રોડ ઉપર ટ્રાફીક જામ ન થાય અને અડચણરુપ પાર્કિંગ ન થાય તેની જવાબદારી આયોજકોને સોંપવી. જો કોઈ બિનવારસી/શંકાસ્પદ વાહનો જણાઈ આવે, તો પોલીસને જાણ કરવા સમજ કરવી.

(૧૦) ગરબા કાર્યક્રમના આયોજકોએ ઈલેકટ્રીક ફીટીંગ યોગ્ય હોવા અંગેનું પ્રમાણપત્ર તથા ફાયર સેફટી અંગેની આયોજનની જરુરિયાત મુજબની સગવડ ફરજીયાત કરવાની રહેશે.

(૧૧) ગરબાના સ્થળે પાર્કિંગની વ્યવસ્થા વોલન્ટીયર્સ/સિક્યુરીટી ગાર્ડ મારફતે આયોજકોએ કરવાની રહેશે. પાર્કિંગ રોડ ઉપર કે જાહેર જનતાને અડચણ રુપ થાય તે પ્રકારે થવું જોઈએ નહી જો આ સુચનાનો ભંગ થતો ધ્યાનમાં આવશે તો ગરબા કાર્યક્રમનો અત્રેથી આપેલ પરવાનો રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) ગરબા કાર્યક્રમોના આયોજકોએ પ્રાઈવેટ સિક્યુરીટી મારફતે એન્ટી સબોટેજ ચેકીગ કરાવવું તથા જરૂરી સુરક્ષા વ્યવસ્થા રાખવા જણાવવું. પાર્કિંગ અને કાર્યક્રમના સ્થળે જરુરિયાત મુજબ CCTV કેમેરા પૂરતી સંખ્યામાં ગોઠવવા જણાવવું.

(૧૩) કચેરી દ્રારા ઈસ્યુ થયેલ તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો.

<u>બિડાણ :</u> નવરાત્રિ મહોત્સવ દરમ્યાન આયોજઓ/વ્યવસ્થાપકોને આપવાની સુચનાનું પત્રક

COMMISSIONER OF POLICE
A'BAD CITY

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પ્રતિ

૧. પો.ઈન્સ.શ્રીઓ તમામ પો.સ્ટે.અમદાવાદ શહેર

૨. મ.પો.કમિ.શ્રી,એ થી એન ડિવીઝન,અમદાવાદ શહેર

૩. ના.પો.કમિ,શ્રી.ઝોન ૧ થી ૭,અમદાવાદ શહેર

<u>નકલ રવાના :</u>

૧. અધિક પો.કમિ,શ્રી. સેકટર-૧ , સેક્ટર-૨, વિ.શાખા, ક્રાઈમ, અમદાવાદ શહેર

૨. સંયુક્ત પો.ક્મી,શ્રી ટ્રાફીક અમદાવાદ શહેર